## કોની ક્યાં બદલી

● અનુસંધાન પહેલાનું ચાલુ

| | | |
|---|---|---|
| ડૉ. એમ.બી. મોડિયા | અધિક નિવાસી કલેક્ટર, ગાંધીનગર | ડી.ડી.ઓ. આણંદ |
| એન.એસ. પુજારા | મેને. ડિરેક્ટર, મેડીકલ સર્વિ. કોર્પો. | ડી.ડી.ઓ. ડાંગ |
| કે.એમ. ભીમજીયાની | કમિશનર, યુવક સેવા અને સાંસ્કૃતિક | ડીડીઓ ગાંધીનગર |
| સી.એસ. ચૌધરી | નાયબ નિયામક, મા.શિ.બોર્ડ | ડીડીઓ જામનગર |
| અજય પ્રકાશ | આશિ. કલેક્ટર, નવસારી | ડી.ડી.ઓ., જુનાગઢ |
| સી.જે. પટેલ | એક્ઝી. ડાયરેક્ટર ઈન્ડેક્ષ-સી | ડી.ડી.ઓ. ભુજ |
| એસ.કે. લાંગા | અધિક કલેક્ટર, ખેડા | ડી.ડી.ઓ. મહેસાણા |
| વી.એ. વાઘેલા | નિયામક એનર્જી ડેવલપમેન્ટ, એજન્સી | ડીડીઓ, પંચમહાલ |
| સી.પી. નેમા | પ્રોજેક્ટ એડમીનીસ્ટ્રેટર, વાંસદા | ડીડીઓ, પોરબંદર |
| એમ.આર. કોઠારી | સંયુક્ત સચિવ, શિક્ષણ વિભાગ | ડી.ડી.ઓ., રાજકોટ |
| સુઝલ મૈત્ર્યા | આસિ. કલેક્ટર, રાજુલા | ડી.ડી.ઓ., નર્મદા |
| આર.એસ. નિનામા | નાયબ કમિશનર,સ્કૂલ્સ | ડી.ડી.ઓ. તાપી |
| પી.બી. ઠાકર | અધિ. કલેક્ટર, અમરેલી | ડી.ડી.ઓ. બોટાદ |
| કે. રાજેશ | આસિ.કલેક્ટર, બારડોલી | ડી.ડી.ઓ. મોરબી |
| એમ.એ. પંડ્યા | ડે. મ્યુનિ. કમિશનર, રાજકોટ | ડી.ડી.ઓ. દ્વારકા |
| એ.વી. કાલરિયા | મુખ્ય વહીવટી અધિકારી, જાડા | ડી.ડી.ઓ. સોમનાથ |
| એસ.બી. પટેલ | અંગત સચિવ રાજ્ય પં.મંત્રી | ડી.ડી.ઓ. અરવલ્લી |
| આર.જી. ગોહિલ | અધિક કલેક્ટર, આણંદ | ડીડીઓ, મહિસાગર |
| ડૉ. પી. જામસિંગ | આસિ. કલેક્ટર, ધોળકા | ડીડીઓ, છોટાઉદેપુર |
| હરિત શુકલા | નિયામક, ના.પુ. નિગમ | મેને. ડિરેક્ટર, ઉ.ગુ.વીજ કંપની |
| અજય ભાદુ | સચિવ, મુ.મંત્રીનું કાર્યાલય | સચિવ, મુખ્યમંત્રીનું કાર્યાલય |
| અનીશ માંકડ | નિયામક, તાંત્રિક શિક્ષણ | તાંત્રિક શિક્ષણ કમિશનર, |
| વી.વી.પટેલ | મ્યુનિ. કમિશનર, ભાવનગર | સચિવ, મહેસુલ વિભાગ |
| એચ.એસ.પટેલ | મેને. ડિરેક્ટર, દ.ગુ. વીજકંપની | મ્યુનિ. કમિશનર, વડોદરા |
| એલ.બી.રાવલ | કલેક્ટર, મોરબી | કમિશનર, માહિતી |
| એ.જે. શાહ | મેને. ડિરેક્ટર, લાઈવલીહુડ કંપની | કમિશનર, ઉચ્ચ શિક્ષણ |
| એન.પી. ઠાકર | અધિકગ્રામ વિકાસ કમિશનર | સચિવ, માનવ અધિકારપંચ |
| જી.આર. ચૌધરી | મ્યુનિ. કમિશનર, ગાંધીનગર | મ્યુનિ. કમિશનર, ગાંધીનગર |
| મનીષ ભારદ્વાજ | મ્યુનિ. કમિશનર, વડોદરા મ્યુનિ. કોર્પો. | સચિવ, યુવક સેવા સાંસ્કૃતિક વિભાગ |
| ડી.કે. રાવ | સચિવ, માનવ અધિકાર પંચ | સચિવ, ક્લાઈમેન્ટ ચેઈન્જ |
| બી.કે. કુમાર | અધિક કલેક્ટર, નવસારી | નિયામક, નશાબંધી અને આબકારી |
| ડી.એન. મોદી | અ. કલેક્ટર, જામનગર | મ્યુનિ.ફા.યનાન્સ બોર્ડ, ગાંધીનગર |
| આર.જે. હાલાણી | નિ, ગ્રા. વિ. એજન્સી, પોરબંદર | ડે. મ્યુનિ.કમિશનર, રાજકોટ |
| આર.બી. બારડ | ના.મ્યુનિ. કમિશનર, અમદાવાદ | નાયબ મ્યુનિ. કમિશનર, અમદાવાદ |
| સી.આર. ખરસાણ | ના.મ્યુનિ. કમિશનર, અમદાવાદ | ના.મ્યુનિ. કમિશનર, અમદાવાદ |
| આઈ.કે. પટેલ | ના.મ્યુનિ. કમિશનર, અમદાવાદ | ના.મ્યુનિ.કમિશનર, અમદાવાદ |
| એન.કે. ડામોર | નિ.ગ્રા.વિ.એજન્સી, નર્મદા | એક્ઝી. ડાયરેક્ટર, ડેવલપમેન્ટ, સપોર્ટ એજન્સી |
| વી.સી.વર્મા | કલેક્ટર, બોટાદ | અધિક સચિવ, શિક્ષણ વિભાગ |
| વિનોદ રાવ | કલેક્ટર, વડોદરા | નિયામક, એન. આર. એચ.એમ. |
| સી.પી. પટેલ | કલેક્ટર, ગીર-સોમનાથ | નાયબ ગ્રામ વિકાસ કમિશનર |
| જે.સી. ચુડાસમા | કલેક્ટર, પોરબંદર | અધિક ઉદ્યોગ કમિશનર |
| રૂપવંતસિંઘ | નિયામક, નશાબંધી આબકારી | એક્ઝી. ડાયરેક્ટર ઈન્ડેક્ષ-બી |
| પી.કે. સોલંકી | કલેક્ટર, ભાવનગર | મેને. ડિરેક્ટર, દ.ગુ. વીજકંપની |
| રાકેશ શંકર | કલેક્ટર, આણંદ | નિયામક, મ્યુનિસીપાલીટીઝ |
| આર.જી. ભાલેકિયા | ડી.ડી.ઓ., ભુજ | અધિક ગ્રામ વિકાસ કમિશનર |
| વિક્ટર મેકવાન | ડી.ડી.ઓ., ગાંધીનગર | મેને. ડિરેક્ટર, લાઈવલીહુડ પ્રમોશન કંપની |
| રણજીતકુમાર | કલેક્ટર, તાપી-વ્યારા | સંયુક્ત સચિવ, ના.પુ. નિગમ |
| રત્નકુંવર ગઢવી | ડી.ડી.ઓ., પંચમહાલ | નાયબ ગ્રામ વિકાસ કમિશનર |
| આર.જી. ત્રિવેદી | ડી.ડી.ઓ., જુનાગઢ | મ્યુનિ. કમિ. જૂનાગઢ |
| જે.ટી.બચાણી | ઓ.એસ.ડી., મહેસુલ વિભાગ | નિયામક એન્જી ડેવલપમેન્ટ એજન્સી |
| એન. મીના | ડી.ડી.ઓ., મહેસાણા | કમિશનર, યુ.સે. સાં. વિભાગ |
| કે.બી. ભટ્ટ | કલેક્ટર, સુરેન્દ્રનગર | અધિક સચિવ, મહિલા-બાળ કલ્યાણ |
| બી.જે. ભટ્ટ | કલેક્ટર, અરવલ્લી | અધિક સચિવ, શહેરી વિકાસ વિભાગ |

## માજી સૈનિક કલ્યાણ મંડળનો વાર્ષિકોત્સવ યોજાશે

ગાંધીનગર, તા. ૨૩

ધ ગાંધીનગર માજી સૈનિક કલ્યાણ મંડળનો ૨૮મો વાર્ષિકોત્સવ યોજવામાં આવશે. આગામી ૧લી માર્ચ, રવિવારના રોજ સેકટર-૧૩ લીંબચધામ ગાંધીનગર ખાતે પૂર્વ બ્રિગેડીયર જે.પી. અંકલેસરીયાની અધ્યક્ષતામાં યોજવામાં આવશે. જેમાં પૂર્વ સૈનિકોની વિધવાઓનું સન્માન અને પૂર્વ સૈનિકોના તેજસ્વી બાળકોને ઈનામ આપી સન્માનિત કરવામાં આવશે. ઉલ્લેખનીય છે કે માજી સૈનિક કલ્યાણ મંડળ દ્વારા માજી સૈનિકો, શહિદ જવાનોની વિધવા પત્નિઓ એ તેમના બાળકોના કલ્યાણ અર્થે કાર્ય કરે છે.

## સેક્ટર-૭ ચૌધરી વિદ્યાલયમાં વાર્ષિકોત્સવ યોજાયો

ગાંધીનગર, તા. ૨૩

સેક્ટર-૭ જે.એમ. ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલયમાં વાર્ષિકોત્સવ અને શાળાની બે શિક્ષિકા બહેનોનો વયનિવૃત્તિ સમારોહ યોજાયો હતો.

ગાંધીનગર સેક્ટર-૭ સ્થિત જે.એમ. ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલયમાં ધોરણ-૧૦, ૧૨ બોર્ડની વિદ્યાર્થીનીઓનો શુભેચ્છા સમારોહ યોજાયો હતો. જેમાં વિદ્યાર્થીઓને પરીક્ષાનો હાઉ મનમાંથી કાઢી નાખી સ્વચ્છ મને પરીક્ષા આપવા જણાવ્યું હતું. તેમજ આ પ્રસંગે આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે ઝળકેલ વિદ્યાર્થીનીઓને પારિતોષિક આપી સન્માનિત કરવામાં આવી હતી. શાળામાં પોતાનું જીવન ગુજારનાર બે શિક્ષિકા બહેનો વયનિવૃત્ત થતા સન્માન સમારોહ યોજવામાં આવ્યો હતો.

**રક્તદાન મહાદાન**



**ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલના વિદ્યાર્થીઓનો ડિસ્ટ્રીક્ટ ચેસમાં વિજય**

ગાંધીનગર ડિસ્ટ્રીક્ટ એસોસીએશન દ્વારા ચેસ-યુ-૭, યુ-૯, યુ-૧૧ અને યુ-૧૩ ચેસ ચેમ્પીયન શીપ ૨૦૧૫નું મહાત્મા ગાંધી વિદ્યામંદિર સેક્ટર-૧૬ ગાંધીનગરમાં આયોજન કરવામાં આવ્યું હું. જેમાં ગાંધીનગર જિલ્લાની શાળાઓના લગભગ ૭૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં યુ-૭ સ્પર્ધામાં પ્રિન્સ એસ. બારોટ પ્રથમ, યુ-૯ સ્પર્ધામાં ખુશાલી યુ. સોની પ્રથમ, ટ્વીંકલ એસ. ખાંટ દ્વિતીય રહ્યા હતા. જેમને ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલે અભિનંદન પાઠવ્યા છે.

### લાયોનેસ ક્લબ અને સુરક્ષા સેતુ સોસાયટી દ્વારા આયોજિત

## ‘વન્ડરફુલ વુમન’ સ્પર્ધાની સેમિફાઈનલમાં સર્જનાત્મકતા, રસોઈ કૌશલ્ય અને પ્રતિભા પરખના રાઉન્ડ યોજાયા

લાયોનેસ ક્લબ ઓફ ગાંધીનગર દ્વારા સુરક્ષા સેતુ સોસાયટીના સહયોગથી મહિલા દિવસની ઉજવણી અંતર્ગત આગામી તા. ૭મી માર્ચે ગાંધીનગર ટાઉનહોલ ખાતે ‘વન્ડરફુલ વુમન’ સ્પર્ધાના ફાઈનલ રાઉન્ડ સાથે રંગારંગ કાર્યક્રમ યોજાશે. ‘વન્ડરફુલ વુમન’ સ્પર્ધાનો સેમિફાઈનલ રાઉન્ડ તાજેતરમાં માઉન્ટ કાર્મેલ સ્કૂલના વિશાળ હોલમાં યોજાઈ ગયો. ૩૦ થી ૬૦ વર્ષની વયની ૧૦૦ જેટલી બહેનોએ સેમિફાઈનલ સ્પર્ધામાં ઉત્સાહભેર ભાગ લીધો હતો.

લાયોનેસ ક્લબ દ્વારા આયોજિત ‘વન્ડરફુલ વુમન’ સ્પર્ધાની સેમિફાઈનલમાં પર્સનાલિટી રાઉન્ડ, નોલેજ રાઉન્ડ, ક્રિએટીવીટી રાઉન્ડ અને કિચન ક્વિન રાઉડ યોજાયા હતા. તમામ સ્પર્ધક બહેનોએ બધાજ રાઉન્ડમાં ખૂબ જ સરસ દેખાવ કરીને ‘વન્ડરફુલ વુમન’ સ્પર્ધાના હેતુને યોગ્ય પુરવાર કર્યો હતો. પ્રમુખ લાયોનેસ શ્રીમતી ચંદા યાદવના સ્વાગત પ્રવચન બાદ પાસ્ટ પ્રેસિડેન્ટ અને પ્રોજેક્ટ ચેરમેન લાયોનેસ શ્રીમતી મમતા રાવલ અને લાયોનેસ શ્રીમતી વર્ષા ઠક્કરે કાર્યક્રમનો દોર સંભાળ્યો હતો.

લાયોનેસ કો-ચેરપર્સન સેજલ શાહ, ભૂતપૂર્વ પ્રમુખ લાયોનેસ મીનાબેન ત્રિવેદી, રીટાબેન સોલંકી, નીતિકા શાહ અને આરતી ભટ્ટ ઉપરાંત લાયોનેસ ક્લબની તમામ બહેનોએ ઉપસ્થિત રહીને જરૂરી યોગદાન અને સહકાર આપ્યો હતો. ‘વનડરફુલ વુમન’ સ્પર્ધાના સેમિફાઈનલ રાઉન્ડમાં વીણાબેન વોરા, પરમજિતકૌર છાબડા, દક્ષા જાદવ, સાધનાબેન પરમાર, મંજુલાબેન ભલગામી, પ્રજ્ઞા ગજ્જર, ડૉ. જહાનવી આમંગ અને ડૉ. વર્ષા પારેખે નિર્ણાયક તરીકે બહુમુલ્ય સેવાઓ આપી હતી.

## બાળ ફિલ્મ મહોત્સવ...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

તેમજ ફીલ્મોના માધ્યમથી વિદ્યાર્થીઓને શિક્ષણ પુરું પાડવા પણ પ્રયાસ કરાશે. આ ઉપરાંત શિક્ષકો પણ નાની મોટી ફીલ્મો બનાવતા થાય અને વર્ગખંડ વધુ અસરકારક બને તેવો પણ પ્રયાસ કરશે. આ અન્વયે ફીલ્મ કેવી રીતે જોવી અને ફીલ્મો કેવી રીતે બને તે માટે વર્કશોપ પણ યોજવામાં આવશે. ફીલ્મ જોવાની કળા અંગે ૨૬મી ફેબ્રુઆરીએ સે-૨૩ સ્થિત કડી કેમ્પસના ખીમજી હોલમાં બપોરે ૪ કલાકે તજજ્ઞનું વ્યાખ્યાન યોજાશે. આ ઉપરાંત ૨૭મીએ પણ વર્કશોપનું આયોજન કરવામાં આવશે. એનિમેશન ફીલ્મ અંગે પણ વિદ્યાર્થીઓ અને શિક્ષકો સમક્ષ નિદર્શન રજૂ કરાશે. બાળ ફીલ્મ મહોત્સવ ૨૦૧૫નું ૨૬ ફેબ્રુઆરીએ સવારે ૧૦-૦૦ કલાકે સે-૨૩ કડી કેમ્પસના ખીમજી હોલમાં ઉદઘાટન કરાશે. યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિના વિભાગના મંત્રી નાનુભાઈ વાનાણી, મેયર મહેન્દ્રસિંહ રાણા, કડી સર્વ વિશ્વ વિદ્યાલયના ચરમેન વલ્લભભાઈ પટેલ, કલ્ચરલ ફોરમના અધ્યક્ષ કૃષ્ણકાન્ત જહા ઉપસ્થિત રહેશે.

## સંગીત પ્રેમીઓને ડોલાવે છે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

દર્શન રાવલને હનીસીંગ પણ ‘પરફેકટ વોઈસ’ તરીકે ઓળખે છે. કોલેજીયન્સ સહીતની આજની યુવાપેઢીમાં પણ દર્શન એક ‘મ્યુઝિક ફેઈમ’ તરીકે ઉભરી રહ્યો છે ત્યારે ગાંધીનગર સાથે જૂનો નાતો ધરાવતા દર્શનને પ્લેબેક સીંગરની સાથે મ્યુઝિક ડાયરેકટર બનવાની પ્રબળ ખેવના છે. કલ્ચરલ ફોરમ આયોજિત શિશિરોત્સવમાં પણ દર્શને બે-ચાર ગીતો રજૂ કરી શ્રોતાઓને બ્રસ્ટઅપ કરી દીધા હતા. દર્શન રાવલના જણાવ્યા મુજબ કલાસિકલ મ્યુઝિકથી સંગીતની સાચી સમજણ કેળવાય છે. હાલ અમદાવાદ સ્થિત જે.પી. પરફોર્મિંગ આર્ટમાં આ માટે તાલીમ પણ લઈ રહ્યા છે. દર્શનને મતે ગીતો પણ કમ્પોઝ કરે છે. હીમેશ રેસમિયા સાથે આગામી બે ફીલ્મોમાં પ્લેબેક સીંગર તરીકે પણ દર્શનનો અવાજ સાંભળવા મળશે. જયારે જૂનમાં રીલીઝ થનારી ગુજરાતી ફીલ્મ રોમકોમમાં દર્શને મ્યુઝિક ડીરેકટરનો રોલ અદા કર્યો છે. દર્શનના પિતા રાજેન્દ્ર રાવલ પત્રકાર તેમજ માતા રાજલબેન નિવૃત્ત આચાર્ય છે. દર્શનના મતે સંગીતને કોઈ કક્ષાની જરૂર હોતી નથી. માઈનોર બદલાવથી પણ તેનો ટેસ્ટ બદલાઈ જાય છે.

## શબ્દાવલી - ૫૬૫૨



### આડી ચાવી

૧. લીઓનાર્ડો-દ-વિન્ચીનું પ્રખ્યાત પેઇન્ટીંગ (૪)
૪. ભાર ઊંચકનાર મજૂર(૨)
૬. મશ્કરી, મજાક (૨)
૭. લોકો સાથેનો સંપર્ક (૫)
૮. આગળ વધારવું (૪)
૧૦. સમુહ, ઉપકાર (૨)
૧૧. સાહેબ, મુખ્ય (૨)
૧૫. સરમુખત્યાર શાહી (૪)
૧૬. નકલ કરવી (૩)
૧૮. એક માપ, ૨૦ કિલો(૨)
૧૯. સોગન, કસમ (૨)
૨૦. બેચેન, ચેન ન પડવું (૩)
૨૨. સરહદ, બોર્ડર (૩)
૨૩. થાપણ મૂકવું, ... મૂકવું(૩)

### ઊભી ચાવી

૧. મોહમાં પડેલ (૩)
૨. નિરાશ, હતાશ (૪)
૩. શણગાર, કરવો (૩)
૪. ખરાબ સોબત (૩)
૫. ઓળીયો, જમીન ઉપર કરાતો છાણ માટીને લેપ (૩)
૯. હવામાનની આગાહી (૪)
૧૨. કુશળતામાં આગળ (૪)
૧૩. પાણીથી માટીનું ધોવાઇ જવું (૩)
૧૪. ઘર, મકાન (૩)
૧૭. તમસ ગુણવાળુ (૩)
૨૦. વહાણ, વહાણોનો સમુહ (૨)
૨૧. એક જાતની ઘોડાગાડી(૨)

### શબ્દાવલી ૫૬૫૧ના જવાબ

**આડી ચાવી :-** (૧) જડભરત (૩) કાચ (૫) કનક (૬) બુટલેગર (૯) ખતા (૧૦) સપાટી (૧૧) કાં (૧૨) આરોગ્ય (૧૫) હવે (૧૬) મરમ્મત (૧૮) દગડી (૨૧) રજત (૨૨) પાનદાન

**ઊભી ચાવી :-** (૧) જડીબુટ્ટી (૨) રથાંગપાણી (૩) કાનખજૂરો (૪) ચકતા (૭) લેસ (૮) રટ (૧૨) આવેદન (૧૩) ચમર (૧૪) ગમ્મત (૧૭) રજ (૧૯) ગદ (૨૦) ડીન

## ઉપાધ્યક્ષ પદે

● અનુસંધાન પહેલાનું ચાલુ

થતા વિધાનસભા સત્રમાં અધ્યક્ષ ગણપત વસાવા નાદુરસ્ત્ તબીયતના કારણે હાજર ન રહી શકતા બે દિવસ માટે કચ્છમના ડો. નીમાબેન આચાર્યએ કાર્યકારી અધ્યકક્ષ પદ સંભાળ્યુ છે.

આ અગાઉ વિધાનસભામા ઉપાધ્ય ક્ષ તરીકે મંગુભાઈ પટેલ હતા. તેમને મંત્રીમંડળમાં સ્થા ન આપવામા આવ્યુવ તે સમયથી આ સ્થા ન ખાલી હતું. સરકારે ઉપાધ્યકક્ષ પદ માટે ચૂંટણી જાહેર કરી છે. કોંગ્રેસે દલિત ઉમેદવારને જ ઉપાધ્યક્ષ બનાવવા અને વિપક્ષને તે પદ આપવાની માંગણી કરી હતી પરંતુ સત્તાધારી પાર્ટીએ ઉમેદવાર મૂકી દેતાં હવે આ માગણીનો કોઈ અર્થ રહેતો નથી. ૨૫મીએ ચૂંટણી થાય તો પણ બહુમતિના જોરે ભાજપના ઉમેદવાર વિજયી બને તેમ છે.

## તોફાની પ્રારંભ

● અનુસંધાન પહેલાનું ચાલુ

છે. કચ્છમાં આવી લેબોરેટરી રૂ. ૩૫ લાખના ખર્ચે શરૂ કરી દેવામાં આવી છે. આ રોગ માટે જે ટેસ્ટીંગ કીટ આવે છે તે રૂ. પાંચ હજારથી સાડા પાંચ હજારની છે. આમ છતાં સરકારે વિના મૂલ્યે તેના ટેસ્ટ કરી આપવાનો નિર્ણય કર્યો છે. આ ઉપરાંત જો અન્ય હોસ્પિટલમાંથી દર્દી તપાસ માટે આવશે તો તેનો પણ ચાર્જ નહિ વસુલવાનો નિર્ણય કર્યો છે.

આ રોગ માટેની દવા ટેમીફ્લુની એક નંગની કિંમત રૂ. ૪૫ છે તે પણ વિનામૂલ્યે આપવામાં આવી રહી છે. રાજ્યની વિવિધ હોસ્પિટલમાં ૮૦૦ જેટલી પથારીઓ છે. વેન્ટીલેટર પણ અનામત રાખવામાં આવ્યા છે. તેમણે દવાની અછત હોવાનો ઈન્કાર કર્યો હતો.

જો દવાની અછત છે તેવુ કોઈ સાબિત કરી દે તો પોતે રાજીનામુ આપી દેશે નહિતો તે સભ્ય રાજીનામુ આપે તેવો પડકાર પણ ફેંક્યો હતો. જો કે રાજયમાં સ્વાઈન ફ્લુના વધતા જતા વ્યાપને લઈ મહામારી જાહેર કરવાની વિપક્ષની માંગ પણ ફગાવી દીધી હતી.

આ પછી કોંગીના શ્રી શક્તિસિંહ ગોહિલ અને વિપક્ષના નેતાશ્રી શંકરસિંહ વાઘેલાએ સરકાર તેનો જવાબ રાજકીય રીતે આપી રહી હોવાનો આક્ષેપ કર્યો હતો તેમજ શરૂઆતથી જ જે પગલાં લેવા જોઈ એતેમાં સરકાર નિષ્ફળ રહી છે તેમ કહી વિપક્ષના સર્વ સભ્યો સભાત્યાગ કરી રહ્યાની જાહેરાત કરી હતી.

ગૃહે આજે દિવંગત પૂર્વ ઉપાધ્યક્ષ અને ગુજરાતી ફિલ્મના અભિનેતા ઉપેન્દ્ર ત્રિવેદી તેમજ સ્વ. ચંદ્રકાન્તભાઈ પટેલના દુઃખદ અવસાન અંગે શોકદર્શક ઉલ્લેખો પસાર કર્યા હતા.

ગૃહે આજે ત્રણ સરકારી વિધેયકો ગુજરાત જાહેર બાંધકામ કરાર સંબંધી તકરાર લવાદી ટ્રિબ્યુનલ (સુધારા) વિધેયક, પ્રોવિન્શિયલ સ્મોલ કોઢ કોર્ટ (ગુજરાત સુધારા) વિધેયક તેમજ પ્રેસિડેન્સી સ્મોલ કોઝ કોર્ટ (ગુજરાત સુધારા) વિધેયક પણ ત્રણેય વાંચનમાંથી પસાર કરી મંજૂર કર્યા હતા.

## ફોક્સ ગ્રુપ હેઠળ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ગુજરાતીઓની ઉદ્યોગ સાહસિકતા અને સાથે સાથે સામાજિક વિકાસની દિશામાં યશસ્વી પ્રદાન કરનારા ગરવા ગુજરાતીઓનું ‘નવ ગુજરાત બિઝનેસ એવોર્ડ’ આપી સન્માન કરવામાં આવ્યું હતું. તેમાં સ્પેસીયલ ફોક્સ ગ્રુપ હેઠળ શિક્ષણ ક્ષેત્રે દાયકાઓથી નક્કર કાર્ય કરી સમાજને નવો રાહ ચિંધનાર સર્વ વિદ્યાલય કેળવણી મંડળની પસંદગી કરવામાં આવી. ઉત્તર ગુજરાતમાં શિક્ષણ ક્ષેત્રે ઘેર ઘેર જાણીતુ નામ એટલે સર્વ વિદ્યાલય કેળવણી મંડળ. એસ.વી.કે.એમ. ટ્રસ્ટના નામે જાણીતા આ કેળવણી મંડળના ચેરમેન શ્રી વલ્લભભાઈ પટેલ વધુ વિગતો આપતા કહે છે કે સર્વ વિદ્યાલય કેળવણી મંડળની સ્થાપના ૧૯૧૯ માં છગનભાઈએ કરી હતી. તેમના જીવનનું સૂત્ર હતુ ‘કર ભલા તો હો ભલા’ સમાજ તરફથી મળેલા દાન અને દૃષ્ટા છગનભાના પ્રયત્નોના લીધે ૧૯૨૧માં કડી ખાતે રહેણાંક આશ્રમમાં શાળાકીય પ્રવૃત્તિઓની શરૂઆત થઈ. હાલમાં કડી ઉપરાંત ગાંધીનગર ખાતે વિશાળ કેમ્પસમાં નર્સરીથી પી.જી. સુધીનું શિક્ષણ આપતી ખ્યાતનામ સંસ્થાઓમાં હજ્જારો વિદ્યાર્થીઓ શિક્ષણ મેળવી રહ્યા છે. તેની પ્રતિષ્ઠા અને શૈક્ષણિક પ્રવૃત્તિઓના વ્યાપને ધ્યાને રાખી ૨૦૦૭માં તેને યુનિવર્સિટીનો દરજ્જો પ્રાપ્ત થયો છે. એસ.પી.કે.એમ. ટ્રસ્ટ અને કેએસવી યુનિવર્સિટી દ્વારા પરંપરાગત સ્નાતક અભ્યાસક્રમો ઉપરાંત હાલના સંજોગોમાં પ્રસ્તુત એવા એન્જિનિયરિંગ, કમ્પ્યુટર સાયન્સીઝ, ફાર્મસી, નર્સિંગ, એજ્યુકેશન, બિઝનેસ એડ મિનિસ્ટ્રેશનના અભ્યાસક્રમો પણ પુરા પાડે છે. કડી સર્વ વિદ્યાલય કેળવણી મંડળ કન્યા શિક્ષણ પર ખાસ ભાર મુકે છે. કોઈપણ જાતિ, જ્ઞાતિ અને ધર્મને ધ્યાનમાં રાખ્યા વગર કન્યા શિક્ષણને સતત પ્રોત્સાહન આપ્યુ છે. ગાંધીનગર કેમ્પસ ખાતે કન્યાઓ માટે વિશાળ હોસ્ટેલની સુવિધા પણ ઉપલબ્ધ કરાવાઈ છે.

કેએસવી યુનિવર્સિટી બદલાતા સમયની સાથે રીસર્સ પ્રવૃત્તિ પર વધુ ભાર મુકવામાં આવ્યો છે. અવારનવાર સેમીનાર અને વર્કશોપનું આયોજન યુનિવર્સિટી દ્વારા કરવામાં આવે છે. જેનો ધ્યેય રિસર્ચની કામગીરીને પ્રોત્સાહન આપવાનું છે.

ઉચ્ચ માપદંડ અને સઘન પરામર્શ સાથે પસંદ કરાયેલા નવગુજરાત બિઝનેસ એવોર્ડમાં સર્વ વિદ્યાલય કેળવમી મંડળની પસંદગી કરવામાં આવી તે મંડળની કામગીરીની ગહનતા અને તેના ઉચ્ચ ધ્યેયો દર્શાવે છે.

## સામાન્ય સભા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જલ્દીથી મંજૂરી મળે તેમજ તે કામો ઝડપથી શરૂ થાય તેમ ઈચ્છી રહ્યા છે.

પંચાયતની આજની સામાન્ય સભામાં સ્વચ્છતાનો મુદ્દો છવાયેલો રહેશે તેવું પંચાયતના અંતરંગ સૂત્રોમાંથી જાણવા મળે છે. ખાસ કરીને શૌચાલયોની મંજૂરીનો વિલંબ, ગ્રામ સ્વચ્છતા માટે નાણાંકીય વ્યવસ્થાપન જેવા મુદ્દાઓ ચર્ચામાં ગાજે તેવી શક્યતાઓ છે. આ ઉપરાંત દબાણોની સમસ્યા તેમજ ગ્રામ્ય વિસ્તારની જુની પુરાણી અને જર્જરિત થયેલ પાઈપલાઈનો બદલવા સહિતની બાબતો તેમજ જિલ્લામાં સ્વાઈન ફ્લુના વધતા જતા કેસો સામે તંત્રની ઉદાસીનતાના મુદ્દાઓ ચર્ચામાં આવી શકે તેવી શક્યતાઓ નકારી શકાતી નથી તેમ પણ આ સૂત્રોએ જણાવ્યુ છે.

## જાહેર નિવિદા

નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, પાટનગર યોજના વિદ્યુત પેટા વિભાગ નં. ૨૨, પાટનગર યોજના ભવન, ત્રીજો માળ, સેકટર-૧૬, ફોન નં. ૦૭૯-૨૩૨૫૯૫૧૬ ગાંધીનગર દ્વારા વીજળીકરણને લગતા ૧૦ કામોની અંદાજીત કિંમત ૨-. ૩૬,૯૦૫.૦૦ થી ૨,૯૮,૮૬૪.૦૦ છે. આ કામ માટે યોગ્ય શ્રેણીમાં નોંધાયેલ વિદ્યુત ઠેકેદારશ્રીઓ પાસેથી ટેન્ડરો માંગવામાં આવે છે. કોરા ટેન્ડર આપવાની છેલ્લી તા. ૨/૩/૨૦૧૫ અને પરત મેળવવાની છેલ્લી તા. ૯/૩/૨૦૧૫ છે. આ કામની વિગતવાર નોટીસ કચેરીના નોટીસ બોર્ડ ઉપર મુકવામાં આવેલ છે. આ નોટીસ અંગેની વધુ માહિતી માટે ઉપરોક્ત કચેરીનો જાહેર રજા સિવાયના દિવસોમાં રસ ધરાવતા ઈજારદારે સંપર્ક સાધવા વિનંતી છે.

માહિતી/૨૪૭૭/૨૦૧૪-૧૫

## સંબોધન ખોરવ્યું

● અનુસંધાન પહેલાનું ચાલુ

ગૃહમાંથી રાજ્યપાલશ્રીની વિદાય બાદ કોંગ્રેસના સભ્યોની આ હરકતોને ગંભીરતાથી લઈ તેમની સામે શિસ્તભંગના પગલાં લેવા જોઈએ તેવી માંગણી સંસદીય બાબતોના રાજ્યમંત્રી પ્રદીપસિંહ જાડેજાએ કરી હતી.

અધ્યક્ષા ડૉ. નીમાબેન આચાર્યએ આ બાબતે તેઓ તપાસ કરી કાર્યવાહી કરવાની ખાત્રી આપી હતી.

ગુજરાત વિધાનસભા સત્રનો આજથી તોફાની આરંભ થયો છે. બરાબર ૧૨ વાગે રાજ્યપાલશ્રી ઓ.પી. કોહલી ગૃહને સંબોધન કરવા આવી પહોંચ્યા હતા ત્યારે અધ્યક્ષ પેનલના સભ્ય શ્રીમતિ નિમાબેન આચાર્ય તેમને દોરી અને ડાયસ પર લઈ ગયા હતા.

રાજ્યપાલશ્રીના સંબોધનના આરંભથી જ વિપક્ષી સભ્યોએ અંતરાયો ઉભા કરવાનું શરૂ કર્યુ હતુ. રાજ્યપાલશ્રીના પ્રવચન દરમ્યાન જ કોંગ્રેસી સભ્યોએ સૂત્રોચ્ચાર, પત્રિકાઓનું વિતરણ અને માસ્કનું વિતરણ કર્યુ હતુ. આ અંતરાયો વચ્ચે પણ રાજ્યપાલશ્રીએ તેમનું સંબોધન સતત ૧૨ મિનિટ સુધી ચાલુ રાખ્યુ હતુ પરંતુ આ પછી વેલમાં ધસી આવેલા કોંગ્રેસના સભ્યો આક્રમક થતા જણાતાં તેમણે તેમનું પ્રવચન ટુંકાવી દીધુ હતુ અને પ્રવચન વાંચ્યા બરાબર ગણી લેવા જણાવ્યુ હતુ.

૧૫ મિનિટના વિરામ બાદ ગૃહની બેઠક પુનઃ મળી હતી. વંદેમાતરમ્‌ના ગાન સાથે વિધાનસભા ગૃહની કાર્યવાહી હાથ ધરાઈ હતી. ભાજપના ધારાસભ્યશ્રી કેશાજી ચૌહાણે રાજ્યપાલશ્રીના પ્રવચન માટેનો આભાર પ્રસ્તાવ રજુ કર્યો હતો જેને ભાજપના જ શ્રીમતિ ભાનુબેન બાબરિયાએ અનુમોદન આપ્યુ હતુ.

આ પછી ગૃહની આગળની કાર્યવાહી હાથ ધરાઈ તે પૂર્વે જ કોંગીના દંડક શ્રી બલવંતસિંહ રાજપૂતે તેમના પક્ષે સ્વાઈનફ્લુ અંગે નિયમ ૧૦૮ અન્વયે ખાસ ચર્ચાની માંગણી કરી હોવાનું જણાવી ન્યાય આપવા રજુઆત કરી હતી.

અધ્યક્ષપદે બિરાજમાન ડૉ. નીમાબેન આચાર્યએ સરકારની લાગણીને પણ ધ્યાને લઈ જણાવ્યુ હતુ કે ૧૧૬ની જે નોટીસ મળી છે તે દાખલ કરી દેવામાં આવી છે અને જે સ્થિતિ છે તેને ધ્યાને રાખી વિપક્ષના સભ્યોને પણ પૂરતો ન્યાય મળે તે રીતે પ્રશ્નો પુછવા દેવામાં આવશે તેવી હૈયાધારણ આપી વિપક્ષના હુમલાને ટાળી દીધો હતો.

## ગુજરાત રાજ્ય બીજ નિગમ લિમિટેડ

(ગુજરાત સરકારનું સાહસ)

**રજી. કચેરી : બીજ ભવન, સેક્ટર નં. ૧૦-એ, ગાંધીનગર-૩૮૨૦૧૦**

ટેલીફોન : વહીવટ વિભાગ : ૨૩૨૫૬૭૧૭

ફેક્સ નંબર : ૨૩૨૫૬૭૧૮ Gram : SEEDS

CIN NO. U65410GJ1975SGC002693

### કુરીયર મારફત નિગમની ટપાલો મોકલવાની કામગીરી

આ નિગમને સ્થાનિક કક્ષાએ રાજ્યના જુદા જુદા જીલ્લાઓમાં તેમજ રાજ્યની બહારના સ્થળોએ આંગડીયા / કુરીયર મારફત ટપાલો મોકલવાની થતી હોઈ આવા પ્રકારની કામગીરી કરતી તથા પાનકાર્ડ નંબર ધરાવતી પાર્ટીઓ પાસેથી નિગમ દ્વારા નક્કી કરેલ શરતો સાથેના આ કામગીરી માટે કોરા ટેન્ડર ફોર્મ નિગમની વડી કચેરી ગાંધીનગર ખાતેથી કચેરીના કામકાજના ચાલુ દિવસોએ સવારના ૧૧.૦૦ થી ૧૬.૦૦ કલાક દરમિયાન ટેન્ડર દીઠ રૂ.૨૦૦/- ભરી (પરત નહી મળવાપાત્ર) તા. ૪-૩-૨૦૧૫ સુધીમાં મેળવી લેવાના રહેશે. ભરેલ ટેન્ડર સીલબંધ કવરમાં તા. ૭-૩-૨૦૧૫ના સાંજના ૧૬.૦૦ કલાક સુધી ઉપરોક્ત સરનામે ટપાલ / કુરીયર કે રૂબરૂમાં મોકલી આપવાના રહેશે.

**મેનેજીંગ ડીરેક્ટર**